Title-Code:-GUJGUJ18339

દર મંગળવારે વાંસદા તાલુકા થી પ્રસિધ્ધ થતું ચાર જિલ્લામાં ફેલાવો ધરાવતું નીડર સાપ્તાહિક

E-mail :gjdesinews@gmail.com
www.gjdesinewsvoiceofadivasi.com

GJ દેશી NEWS VOICE OF ADIVASI

# વોઈસ ઓફ આદિવાસી

તંત્રી–શૈલેશભાઈ વલ્લભભાઈ પટેલ
(સન ઓફ આદિવાસી)
Mo-79849 55304

નવસારી -તાપી -ડાંગ -વલસાડ

ગુજરાતી સાપ્તાહિક (નવસારી)

લીગલ એડવાઈઝર- મનીષ એસ. ભાવસાર

YEAR-2, ISSUE-21 (NAVSARI), DATE-14/10/2025 TUESDAY, EDITOR- SHAILESHKUMAR VALLABHBHAI PATEL, OFF- PATEL FALIYA, BARTAD (UNAI) VANSDA, DIST.-NAVSARI, GUJARAT. PAGE-04,Price-2/-

વર્ષ-૨, અંક-૨૧(નવસારી), તા. ૧૪/૧૦/૨૦૨૫ મંગળવાર, તંત્રી-શૈલેશભાઈ વલ્લભભાઈ પટેલ, ઓફીસ-પટેલ ફળીયા, બારતાડ(ઉનાઈ), વાંસદા, જીલ્લા- નવસારી, ગુજરાત, પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 સુરત ગ્રામ્યમાં નાર્કોટિક્સ વિરુદ્ધ મોટી કાર્યવાહીઃ રૂ. ૨.૧૫ લાખના ગાંજા સાથે ૩ શખસ ઝડપાયા

3 પારડીના વૃદ્ધ સાથે છેતરપિંડી કરી બે યુવાને એક્સપ્રેસ વે ના ૫૬.૪૦ લાખ ઉપાડી લીધા

4 નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપી મનપાના આશરે ૧૭ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત લોકાર્પણ કરવામાં આવ્યું

### વાંસદા તાલુકામાં RNI વગર YOU TUBE અને સોશિયલ મીડિયામાં

## ખોટા સમાચાર પ્રસિદ્ધ કરી તાલુકાનો માહોલ ખરાબ કરનારા કથિત પત્રકાર તત્વો તથા તહેવારો સમયે વાંસદા તાલુકામાં આવતા જિલ્લા બહારના બનાવટી પત્રકારો સામે કાર્યવાહી કરવા વાંસદા પત્રકાર સંઘની માંગ

**વાંસદા-** વાંસદા તાલુકાના પત્રકાર સંઘ દ્વારા આપ સાહેબશ્રી ને લખી જણાવવાનું કે હાલમાં દિવાળીનો પર્વ આવી રહ્યો છે આ દિવાળીના પર્વમાં ગુજરાતના અન્ય જિલ્લાઓમાંથી RNI વગરના YOU TUBE અને સોશિયલ મીડિયામાં ખોટા સમાચાર પ્રસિદ્ધ કરી વાંસદા તાલુકાનો માહોલ ખરાબ કરવા કથિત બનાવટી પત્રકારો વાંસદામાં આવતા હોય છે અને તાલુકાનો માહોલ ખરાબ કરતા હોય છે તેમજ તાલુકામાં પણ કોઈપણ RNI વગરના YOU TUBE ચેનલ બનાવી તથા સોશિયલ મીડિયા પર કેટલાક તત્વો દ્વારા ખોટા સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તાલુકાને બદનામ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે તાલુકામાં દૈનિક/સાપ્તાહિક વર્તમાનપત્ર અને ટીવી મીડિયાને માહિતી વિભાગ દ્વારા અધિકૃત કરેલ હોય, તેઓ સરકારી યોજનાઓ સહિત કાર્યક્રમોનું કવરેજ

કરી લોકો સમક્ષ સાચી માહિતી પહોચાડે છે. જયારે વાંસદામાં અન્ય જિલ્લાઓના કેટલાક youtuber, સોશિયલ મીડિયા અને વ્ફતિંફ્રા ના માધ્યમથી સરકારી યોજનાઓને ખોટી રીતે દર્શાવી માત્ર અધિકારીઓનો મનોબળ તોડવા તથ્ય વિહીન સમાચારો



પ્રસિદ્ધ કરી તાલુકાની બદનામી કરી રહ્યા છે. ત્યારે આપશ્રી ને જણાવવાનું કે હાલ દિવાળીનો પર્વ આવતો હોય જેથી વાંસદામાં કેટલાક બોગસ youtuber સોશિયલ મીડિયા અને લે ભાગુ પત્રકારો ફૂટી નિકળી વાંસદામાં દિવાળીના તહેવાર નિમિત્તે સરકારી ઓફિસોમાં, વેપારીઓને તથા કેટલીક સંસ્થાઓને ડરાવી ધમકાવીને જાહેરાત પેટે નાણાંની ઉઘરાણી કરતા હોય તેવા પણ અહેવાલ પ્રાપ્ત થયા છે. ત્યારે આ તત્વો કોઈપણ પ્રકારના આર. એન. આઈ. વગર જ પત્રકાર હોવાનો રોફ જમાવી સંબંધિત અધિકારીઓને ધાક ધમકી આપી પેપરમાં છાપી બદનામ કરતા હોય તેવું જાણવા મળી રહ્યું છે.

આ બનાવટી પત્રકારો પર કાયદાનો સકંજો કસવામાં આવે તથા નવસારી જિલ્લા માહિતી વિભાગમાં નોધાયેલ પત્રકારો અને જે તે દૈનિક અને સાપ્તાહિકના સંપાદકોએ આપેલ ઓથોરિટી લેટર, આઈકાર્ડની તપાસ હાથ ધરી દરેક ન્યુઝ પેપર માં છ મહિના સુધીના સમાચારોની વિગતો તપાસી તથા દિવાળી સમયે ફૂટી નીકળેલા ખોટા પત્રકારો સામે પણ યોગ્ય કાર્યવાહી અને તપાસ કરવામાં આવે એવી વાંસદા પત્રકાર સંઘની માંગ છે.

## સિણધઈ ગામના ક્યુ આર કોડ કાંડનો ખુલાસો ત્રણે યુવાનો પોલીસ સમક્ષ હાજર યુવાનોના જામીન મંજૂર

### સિણધઈ ગામના સરપંચના આવા આક્ષેપ અને ફરિયાદ થી સેવા કરનારાઓમાં ફફડાટ

વાંસદા -સિણધઈ ગામે ગત ૨૭ તારીખે વાવાઝોડું આવ્યું હતું અને ત્યારબાદ ઉનાઈ અને સીણધઈ ગામના યુવાનો દ્વારા સહાય માટે એક સ્કેનર મુકવામાં આવ્યું હતું અને સહાય ઉઘરાવી પતરા પ્લાસ્ટિક તાડપત્રી લોકો સુધી સહાય પહોચાડી હતી જેને લઇ ત્યાંના સરપંચ રાજુભાઈ દ્વારા એમના ઉપર આક્ષેપ લગાવવામાં આવ્યા હતા કે મારા નામનો ખોટો ઉપયોગ કરી લાખો રૂપિયા ઉઘરાવી દીધા છે અને પૈસા ની ધોબાચારી કરી છે પીડિતોના પૈસા ખાઈ ગયા છે. એવી ફરિયાદ થઈ હતી વાંસદા પોલીસ સ્ટેશનને ત્યારબાદ ત્રણેય યુવાનો ઉનાઈના સરપંચ મનીષ પટેલ મયુર પટેલ અને હાર્દિક પટેલ સંપૂર્ણ ખુલાસો પોલીસ સ્ટેશન કર્યો હતો. સ્ટેટમેન્ટ આપ્યું હતું અને બધી જ વસ્તુના ખરીદીના બિલો આપ્યા હતા પણ



અચાનક જ ફરિયાદ એફઆઇઆરમાં બદલાતા આ યુવાનો ગભરાયા અને ત્યારબાદ બે દિવસ બાદ ગ્રામજનો સાથે ફરી પાછા પોલીસ સ્ટેશન પહોચ્યા અને ખુલાસો કરવામાં આવ્યો પોલીસ સ્ટેશનમાં સ્ટેટમેન્ટ લખવામાં આવ્યું પોલીસની સાથે ચાર કલાક બેઠક કરી જે રીતના પૈસા આવ્યા હતા અને બિલ મૂક્યા હતા એ બિલ સાથે એમને મેચ કરાવી સંપૂર્ણ જે કેસ હતો એ કેસનો ખુલાસો કરવામાં આવ્યો છે જેથી આઈ ત્રણેય ત્રણ યુવાનોને જામીન મળ્યા છે. અને હાલમાં એમના ઉપર લગાવવામાં આવેલ આરોપ છે તેમણે લાખો રૂપિયાનો રાહત ફંડ ના ઉઘરાવી ચાવ કરી ગયા છે. એ સાબિત થતું નથી પણ આ ઘટના બાદ ત્રણેય યુવાનો દ્વારા કહેવામાં આવ્યો કે આ જ રીતની જે રાજકારણ કરી રહ્યા છે શીર્તાઈ ગામના સરપંચ જેને આપના વિસ્તારમાં જો આવી ઘટના થાય તો કદાચ કોઈ મદદ કરવા સામે નહીં આવશે. એવી પરિસ્થિતિ ઊભી કરી દીધી છે. કારણ કે આ યુવાનોએ સેવા કરતા જેલના સળિયા ગણવા પડ્યા એવી પરિસ્થિતિ ઊભી કરી.

## સોનગઢ માં અસામાજિક તત્વો બેફામ..... જાહેર માં મારામારી CCTV માં આખી ઘટના કેદ

**નરેશ માળી (અભય જાદુગર)-** તાપી જિલ્લાના સોનગઢ ખાતે બે બિરયાની ની દુકાનવાળા વચ્ચે ગ્રાહકોને લઈને ઝઘડો તથા બોલાચાલી થઈ હતી. તેમજ માર મારી જાનથી મારી નાખવાની પણ ધમકી આપવામાં આવેલ હોય તેવી ફરિયાદ પોલીસ મથકે નોંધાયેલ છે. ત્યારે અહીં ઉલ્લેખનીય છે કે સોનગઢ પોલીસ મથકે મોઈન અકીલ પટેલ સહિત ત્રણ સામે આ અંગે ગુનો નોંધવામાં આવેલ છે. ત્યારે આ મોઈન અકીલ પટેલ વિરુદ્ધ ભૂતકાળમાં અંદાજે ૧૫ થી ૧૬ જેટલા ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયેલ હોવા છતાં પણ પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવેલ ન હોય અને પોલીસ દ્વારા લુખ્ખા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવું રટણ કરવામાં આવે છે પરંતુ અહીં આ પ્રકારના તત્વો ખુલ્લેઆમ ફરી રહ્યા છે તેવી ચર્ચા એ પણ પંથકમાં જોર પકડ્યું છે. વધુમાં આ મોઈન પટેલ નો એક વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામ્યો છે જે વીડિયોમાં તે બંદૂક લઈને જોવા મળી રહ્યો છે.

સોનગઢ પોલીસ મથકે તા. ૧૨/૧૦/૨૦૨૫ ના રોજ એક ફરિયાદ નોંધાઈ હતી.જે ફરિયાદમાં જણાવ્યા અનુસાર, સોનગઢ ખાતે રહેતા તબસ્સુમ વકાર ઇકબાલ સૈયદના પતિની કિંગ બિરયાની નામની દુકાન ઇસ્લામપૂરા ટેકરા ખાતે આવેલ છે.ત્યારે કિંગ બિરયાની દુકાન ઉપર આવતા ગ્રાહકોને તેમની પાસેની દુકાન યા.ગરીબ નવાઝ બિરયાની ઉપર કામ કરતા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર દ્વારા બોલાવી લેવામાં આવતા હોય, જેને લઇને ફરીયાદી બહેન તથા તેના પતિ વકાર ઇકબાલ સૈયદ એ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ને



ગ્રાહકોને બોલાવવા ના પાડવા ગયેલ હતા. ત્યારે નરજહા અકીલ પટેલ નાલાયક ગાળો બોલવા લાગ્યા હતા. તેમજ મોઇન પટેલ પણ એકદમ ઉશ્કેરાય જઈને ફરીયાદી તથા તેમના પતિને નાલાયક ગાળો આપવા લાગ્યા હતા. તેમજ ફરીયાદીના પતિ વકારને હાથ વડે ગાલ ઉપર થપ્પડી મારી છુટા હાથે મારામારી કરી હતી. અને ગળાના ભાગે ઇજાઓ પહોચાડી હતી. તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે ફરીયાદીના પતિને પાછળથી ઢીક્કામુક્કીનો માર મારી ફરીયાદી તેમજ તેમના પતિને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. ત્યારે આ મામલો ઘણો ચોંકાવનારો કહી શકાય કારણ કે, મોઈન પટેલ વિરુદ્ધ આ અગાઉ પણ ૧૫-૧૬ જેટલા ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયેલ છે તેવું સૂત્ર પાસેથી જાણવા મળી રહ્યું છે.તેમજ હાલમાં ૨ -૩ મહિનાઓમાં પણ મારામારી ને લઈને ફરિયાદ નોંધાયેલ છે.તેમ છતાં પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવી ચર્ચા જોવા મળી રહી છે.તેમજ મોઈન પટેલનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામ્યો છે જે વીડિયોમાં તેની હાથમાં બંદૂક જોવા મળી રહી છે.ત્યારે જાહેરમાં તેની હાથમાં બંદૂક હોય તે બાબત ચિંતાજનક કહી શકાય એમ છે.જોકે તહેલકા અખબાર આ વીડિયોની પુષ્ટિ કરતું નથી.ત્યારે સોનગઢ પોલીસે આ વાયરલ વીડિયોની પુષ્ટિ કરી બંદૂક અસલી છે કે નકલી તેની તપાસ કરવી પણ જરૂરી છે.જોકે હવે સોનગઢ પોલીસે આ લૂખા તત્વોને ડામવામાં સફળ રહેશે કે કેમ તેને લઈને પણ પંથકમાં અનેક તર્ક વિતર્કો સર્જાતા જોવા મળી રહ્યા છે. જોકે આ સમગ્ર મામલામાં આ વ્યક્તિ પાસે બંદૂક અસલી છે કે નકલી ? અને જો બંદૂક અસલી હોય તો તેનું લાયસન્સ છે કે કેમ ? આવા અનેક સવાલ ઉદભવી રહ્યા છે.ત્યારે આ મામલે સોનગઢ પોલીસ દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

**સોનગઢ ખાતે બે બિરયાની ની દુકાનવાળા વચ્ચે ગ્રાહકોને લઈને ઝઘડો તથા બોલાચાલી થઈ હતી. તેમજ માર મારી જાનથી મારી નાખવાની પણ ધમકી આપવામાં આવેલ હોય તેવી ફરિયાદ પોલીસ મથકે નોંધાયેલ છે. ત્યારે અહી ઉલ્લેખનીય છે કે સોનગઢ પોલીસ મથકે મોઈન અકીલ પટેલ સહિત ત્રણ સામે આ અંગે ગુનો નોંધવામાં આવેલ છે. ત્યારે આ મોઈન અકીલ પટેલ વિરુદ્ધ ભૂતકાળમાં અંદાજે ૧૫ થી ૧૬ જેટલા ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયેલ હોવા છતાં પણ પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવેલ ન હોય અને પોલીસ દ્વારા લુખ્ખા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવું રટણ કરવામાં આવે છે પરંતુ અહી આ પ્રકારના તત્વો ખુલ્લેઆમ ફરી રહ્યા છે તેવી ચર્ચા એ પણ પંથકમાં જોર પકડ્યું છે.વધુમાં આ મોઈન પટેલ નો એક વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામ્યો છે જે વીડિયોમાં તે બંદૂક લઈને જોવા મળી રહ્યો છે.**

### કપરાડામાં બેટી બચાવો, બેટી પઢાવો યોજના અંતગર્ત જાગૃતિ સેમિનાર યોજાયો

## સરપંચો અને તલાટીશ્રીઓને દીકરીનો જન્મ, શિક્ષણટાઇટલ, સુરક્ષા અને સશક્તિકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું

**વલસાડ, કિરણ પટેલ-** વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા બેટી બચાવો, બેટી પઢાવો યોજના ગ્રામ્ય સ્તરે પહોંચાડવા માટે સરપંચશ્રીઓ તથા તલાટીશ્રીઓ સાથે કપરાડા તાલુકામાં કોલેજ રોડ પર શિક્ષણ ભવન ખાતે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ કાર્યક્રમ દરમિયાન બેટી બચાવો, બેટી પઢાવો યોજનાનો મુખ્ય હેતુમાં દીકરીનો જન્મ, શિક્ષણ, સુરક્ષા અને સશક્તિકરણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે વ્હાલી દીકરી યોજના અંતર્ગત મળતા લાભ અંગે પણ માહિતી આપવામાં આવી, જેથી દરેક દીકરીને આ યોજનાનો લાભ મળી શકે. મહિલા અને બાળ અધિકારીની કચેરીની વિવિધ યોજનાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ અંગે પણ સમજણ આપવામાં આવી હતી. સખી વન સ્ટોપ સેન્ટર ની કામગીરી વિશે



પણ માહિતી આપવામાં આવી હતી. પોલીસ બેઇડ્ઝ સપોર્ટ સેન્ટરની કામગીરીની માહિતી પણ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન બેટી બચાવો, બેટી પઢાવો તેમજ વિવિધ યોજનાના પ્રેરણાત્મક વિડીયો પણ ઉપસ્થિત સભ્યોને બતાવવામાં આવ્યા હતા, જેના દ્વારા બાળીકાઓના શિક્ષણ અને સુરક્ષા અંગે મહત્વપૂર્ણ સંદેશ પહોંચાડવામાંઆવ્યો.કાર્યક્રમ અંતે તમામ ઉપસ્થિત અધિકારીઓ, સરપંચશ્રીઓ અને તલાટીશ્રીઓએબેટી બચાવો, બેટી પઢાવો યોજનાની પ્રતિજ્ઞા લીધી અને યોજનાના હેતુઓને સિદ્ધ કરવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં કપરાડા તાલુકા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના સભ્યો તેમજ વિવિધ વિભાગોના અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ફોટા કૌભાંડ થી મજૂરોને અન્યાય નરેગા જમીન સ્તરે બરબાદ!








**ડાંગ બ્યુરો ચીફ મનોજ પવારઃ** જિલ્લાના આહવા તાલુકાની ભવાનદગડ પંચાયતમાં નરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ખાતરી યોજના) જેવો ઉત્તમ ઇરાદાવાળો કાર્યક્રમ ભ્રષ્ટાચારની ભેટ ચડી રહ્યો છે. જેને દ્વારા ગામના ગરીબોને રોજગાર પૂરું પાડવાનો લક્ષ્યાંક છે, તે જ યોજના અમુક સરકારી કર્મચારીઓ માટે હિસ્સો મેળવવાની તક બની ગઈ છે.પ્રાપ્ત માહિતી અનુસાર ગ્રામ સેવા સહાયક (GRS) દ્વારા મનરેગાના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. કામ પર હાજર રહેલા મજૂરોના ફોટા અપલોડ કરવાનો કડક નિયમ હોવા છતાં, એક જ જૂનો ફોટો ફોનથી કેપચર કરીને પોર્ટલ પર અપલોડ કરવામાં આવી રહ્યો છે. ફોટામાં સ્પષ્ટ દેખાઈ શકે તેવો દ્રશ્ય પુરાવો હોવા છતાં, અધિકારીઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.અથવા તો તે જાણીને પણ તલાટી કમ મંત્રીથી લઈ તાલુકા વિકાસ અધિકારી (TDO) અને જિલ્લા વિકાસ અધિકારી (DDO) સુધીના અધિકારીઓ આમાં જાણતા જો અજાણ બન્યા છે.

સવાલ એ છે કે ક્યાંક ઉપરથી જ આ સમગ્ર ગોટાળાને શ્રેયસે સહયોગ મળી રહ્યો છે?ભવનદગડમાં ચાલી રહેલા પેવર બ્લોકના કામ અને વિવિધ શેડ બાંધકામના કાર્યોમાં હાજરી રજીસ્ટરમાં બોગસ એન્ટ્રીઓ, નકલી મજૂરોના નામ અને કામ વગર ચૂકવાતા મજૂરીના બિલો જેવી અનિયમિતતાઓ ઝડપાઈ રહી છે. અહીં ગરીબ મજૂરોના હકના પૈસાનો અમુક કર્મચારીઓ પોતાનો ખિસ્સો ભરી રહ્યા છે.હવે આ ફોટા કૌભાંડની તપાસ થાય છે કે કેમ એ જોવું રહ્યું સરકારનો ડંકો વાગ્યા છતાં, જમીન સ્તરે રોજગાર આપવાનો હેતુ જોખમમાં મૂકાયો છે. જો આ મુદ્દાઓ પર સમયસર કડક કાર્યવાહી નહિ થાય, તો સમગ્ર યોજનાઓ પ્રત્યે લોકોની વિશ્વસનીયતા ઉડી જશે અને જે લોકો માટે યોજના બનેલી છે, એ લોકો ફરી વંચિત રહી જશે.

વોઈસ ઓફ આદિવાસી
ગુજરાતી સાપ્તાહિક (નવસારી)
VOICE OF ADIVASI
(WEEKLY)-NAVSARI

# ઢગલાબંધ સિદ્ધિ, સુવિધામાં પણ અવ્વલ સ્માર્ટ વિલેજ ઉંભેળ



આંબોલી- ને.હા ૪૮ ને અડીને આવેલા ઉંભેળની વિકાસ ગાથા તાલુકામાં ઉદાહરણ રૂપ છે. સૌથી યુવા અને શિક્ષિત ભૂતપૂર્વ સરપંચ અને હાલના ડેપ્યુટી સરપંચ દર્શન અમૃતભાઈ પટેલ જનસુખકારી સહ ગામની પ્રાથમિક સુવિધા માટે હંમેશા તત્પર રહ્યા છે. એમ.ઇ.ની ડીગ્રી અને હાલમાં પોલીટીકલ સાયન્સમાં માસ્ટરનો અભ્યાસ કરી રહ્યા છે.

ગામમાં સહાયક યોજના સ્વરૂપે દીકરી મારી લક્ષ્મીનો અવતાર, રાજા હરીશચંદ્ર મરણોત્તર અંત્યેષ્ઠી સહાય, નિરાધારનો આધાર, જ્ઞાનદીપ સહિત અનેક સેવાકીય યોજનાઓ ચાલે છે.વિકાસ કામગીરી રૂપે ગુજરાતના એક માત્ર ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૫૦૦થી વધુ પરિવારોને પોતાનું ઘરનું ઘર યોજના લોકાર્પણ કરાયું હતું. ગુજરાતના ૧૮૨૨૫ માંથી ૩૫ સ્માર્ટ વિલેજ પૈકી કામરેજ તાલુકાનું એક માત્ર ઉંભેળ સ્માર્ટ વિલેજનો દરજ્જો ધરાવે છે.

પર્યાવરણ જાળવણી અને સુરક્ષાની શ્રેષ્ઠ કામગીરી બદલ ડેપ્યુટી સરપંચ દર્શન પટેલને હાલમાં જ ૧૧ લાખનો ચેક અર્પણ કરાયો છે.

ગામની પડતર અને ગૌચરમાં વન વિભાગ અને ગ્રામ પંચાયતના સંયુક્ત પણે નીલગીરી ઉછેર કરી ૫૦ લાખથી વધુની આવક પ્રાપ્ત કરી છે. મહારાષ્ટ્રનાં ૧૨૦ જેટલા સરપંચો સ્માર્ટ વિલેજ ઉંભેળની મુલાકાત લઈ ચૂક્યા છે. ખંધુપોર સત્ય ગૌચર હનુમાનજી મંદિર પરિસર રમણીય હળિયાળી વાળા વિકસિત બાગની ૧૦ હજાર જેટલા સહેલાણીઓ મુલાકાત લે છે. સુરક્ષાના ભાગ રૂપે ગામ CCTV કેમેરાથી સજ્જ છે.

તત્કાલ મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે શ્રેષ્ઠ ગ્રામ પંચાયત સ્પર્ધાનો સ્વર્ણિમ પુરસ્કાર, સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ પુરસ્કાર, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે સ્માર્ટ વિલેજ પુરસ્કાર સહીત ૫ લાખની પ્રોત્સાહન રાશી,સમરસ ગ્રામ પંચાયત એવોર્ડ,શ્રેષ્ઠ ગ્રામ પંચાયત એવોર્ડ, કોવિડમાં શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ,નેશનલ એન્ટી ક્રાઇમ એન્ડ હુમન રાઇટ્સ કાઉન્સિલ ઓફ ઇન્ડીયા દ્વારા નેશનલ કક્ષાનો પીલર ઓફ સોસાયટી એવોર્ડ,માજી સૈનિક વેલ્ફેર એસોસિયેશન નવસારી જીલ્લા દ્વારા ભામાશા એવોર્ડ,વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત કામરેજ મામલતદાર દ્વારા સન્માન પત્ર,જલ જીવન મિશન અંતર્ગત હર ઘર જલ પંચાયત એવોર્ડ,સ્માર્ટ વિલેજ થકી શ્રેષ્ઠ સરપંચનો પુરસ્કાર મળી ચુક્યો છે.

# વ્યારામાં ૧૩ જ બેઠક સામાન્ય, ૧૫ અનામત



વ્યારા- વ્યારા નગરપાલિકાની આગામી ચૂંટણી માટે રાજય ચૂંટણી આયોગે જાહેર કરેલા બેઠક ફાળવણીમાં કુલ ૨૮ બેઠકોમાંથી માત્ર ૧૩ સામાન્ય અને ૧૫ અનામત ફાળવાતા બંધારણમાં નક્કી કરેલી ૫૦% અનામત મર્યાદાનો ભંગ થયો હોવાની ચર્ચા નાગરિકોમાં ઉઠી રહી છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા જાહેર વિભાજન મુજબ, અનુસૂચિત જાતિ માટે ૧, અનુસૂચિત આદિજાતિ માટે ૯ અને પછાત વર્ગ માટે ૫ બેઠકો ફાળવાઇ છે. આમ અનામત બેઠકોની સંખ્યા ૧૫ થતી, બંધારણ અને સુપ્રીમ કોર્ટના માર્ગદર્શનમાં નિર્ધારિત ૫૦% મર્યાદા કરતાં વધુ છે.

મહિલા અનામત હેઠળ કુલ ૨૮ બેઠકોમાં ૧૪ બેઠકો હોવી જોઈએ, પરંતુ તેમાં ૮ સામાન્ય, ૪ આદિજાતિ અને ૨ પછાત વર્ગની ફાળવાતા અસમાનતા દેખાય છે. ખાસ કરીને અનુસૂચિત જાતિ મહિલા માટે કોઈ બેઠક ન હોવાને કારણે ભેદભાવનો પ્રશ્ન ઉઠ્યો છે.

પુરુષોની બેઠકોમાં પણ માત્ર ૫ સામાન્ય પુરુષ બેઠકો ફાળવાઈ છે, જ્યારે બંધારણ મુજબ ૭ હોવી જોઈએ.આ રીતે ફાળવણીમાં સામાન્ય વર્ગ અને પુરુષોને ઓછી બેઠકો મળતા બંધારણીય સમાનતાનો ભંગ થયો હોવાની જાગૃત નાગરિકોમાં ચર્ચા ઉઠી છે.

વર્ષ ૨૦૧૫થી પાલિકા ચૂંટણીમાં વોર્ડ ૭ થયા ત્યારથી ૨૮ બેઠકો મળી ત્યારથી સામાન્ય પુરુષ બેઠકો ૭ ફાળવાતી હતી. હાલ પણ ૨૦૧૧ ની વસતી ગણતરીને ધ્યાને લેતાં સામાન્ય પુરુષ બેઠકોમાં ફેરફાર થયો જેથી સવર્ણ વર્ગમાં અસમાન વહેંચણી થઇ એવું લાગી રહ્યું છે. તો તે બાબતે અનુસૂચિ -૨માં ફરી સુધારો થાય તેવી માંગણી છે કેતન શાહ, શૈક્ષણિક આગેવાન,વ્યારા

મુંબઈ રાજયમાંથી ગુજરાત ૧/૫/૧૯૬૦ ના રોજ અલગ પડ્યો હતો. ત્યારથી જે મૂળ ગુજરાતના વતની છે એસસી, એસટી અને ઓબીસી સમાજ એ આધારના પુરાવા આધારે સરકાર એમને દાખલો આપે છે જયારે અન્ય રાજયમાંથી ગુજરાતમાં વસેલા હોય તેમને જાતિના દાખલા મળવા માટે તકલીફ પડે છે. જેથી જે તે વિસ્તારના એસસી, એસટી ઓબીસી સમાજના વસ્તીને ધ્યાનમાં રાખી વોર્ડમાં પ્રાધાન્ય આપી બેઠક ફાળવવી જોઈએ.

# તાપીમાં મિશન લાઇફ હેઠળ મેગા ઈવેન્ટ યોજાઈ:મંત્રી મુકેશ પટેલના અધ્યક્ષસ્થાને વ્યારા ખાતે આયોજન



તાપી (વ્યારા)- તાપી જિલ્લામાં ’મિશન લાઇફ’ હેઠળ એક મેગા ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યારા ખાતે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પ્લાસ્ટિક મુક્ત વિશ્વનો સંકલ્પ લેવાનો હતો. આ કાર્યક્રમ મંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં વ્યારા તેમજ નિઝર બેઠકના ધારાસભ્યો સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

’મિશન લાઇફ’ અંતર્ગત, પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી અપનાવવાના હેતુથી ’તાપી ફન ફેસ્ટ-૨૦૨૫’ અને ’ફિટ ઈન્ડિયા, ફિટ ગુજરાત’ જેવા કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

આ ઇવેન્ટમાં પર્યાવરણ સંબંધિત વિવિધ સ્ટોલ અને રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકો માટે પર્યાવરણ અને સ્વાસ્થ્યને લગતી અનેક રસપ્રદ પ્રવૃત્તિઓ પણ યોજાઈ હતી, જેનો ઉદ્દેશ્ય જાગૃતિ લાવવાનો હતો.

# તાપી ના સોનગઢ ખાતે જિલ્લા ભાજપ દ્વારા Next-gen જીએસટી રી ફોર્મ અંતર્ગત પ્રબુધ્ધ સંમેલન નું આયોજન કરવામાં આવ્યું

**સાઉથ ગુજરાત બ્યુરો ચીફ નરેશ માળી (જાદુગર અભય)-** સોનગઢ ખાતે ભાજપ દ્વારા રંગ ઉપવન માં પ્રબુધ્ધ સંમેલન યોજવામાં આવ્યું જેમાં પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તા મિત્રોને તથા નગરજનો હાજર રહ્યા હતા. જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી અશોકભાઈ ધોરાજીયા પૂર્વ પ્રભારી શ્રી તાપી જિલ્લા ભાજપ અતિથિ વિશેષમાં શ્રી માધુભાઈ કથારીયા પ્રભારી શ્રી તાપી જિલ્લા ભાજપ અને સુરેશભાઈ વસાવા માનનીય પ્રમુખશ્રી તાપી જિલ્લા ભાજપ સાથે જ ડો. જયરામભાઈ ગામીત માનનીય ધારાસભ્ય શ્રી નિજર વિધાનસભા અને જાલમસિંહભાઈ વસાવા માન્ય પ્રમુખશ્રી તાપી જિલ્લા પંચાયતના હાજર રહ્યા હતા.

જેમાં પ્રબુધ્ધ સંમેલનનું આયોજન રાકેશભાઈ કાચવાલા મહામંત્રી તાપી જિલ્લા તેમજ નિલેશભાઈ




ચૌધરી મહામંત્રી તાપી જિલ્લા ભાજપ સાથે જ સુહાસ ભાઈ પાડવી મહામંત્રી તાપી જિલ્લા ભાજપ આયોજન કરવામાં

**સ્વદેશી અપનાવો દેશ બચાવો અને GST ઘટાડા ના ફાયદા વિશે ની જાણકારી આપી**

આવ્યું હતું અને અશોકભાઈ ધોરાજીયાએ બધાને સંબોધિત કર્યા હતા. અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં સ્વદેશી અપનાવો દેશ બચાવો અને GST ઘટાડા ના ફાયદા વિશે ની જાણકારી આપી હતી.

# દીપડાને પકડવાની કવાયત શરૂ કરાઈ:કાકડવામાં દીપડાનો આંતક યથાવત વધુ બે પાંજરા મુકાયા



વ્યારા- તાપી ડોલવણ તાલુકામાં છેલ્લાં ઘણાં સમયથી હિંસક દીપડાઓએ તરખાટ મચાવ્યો છે. કાકડવા ગામમાં દીપડાઓ નજરે પડતાં સ્થાનિકોએ ઘરમાંથી બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. ધોળે દિવસે હિંસક દીપડો રહેણાંક વિસ્તારમાં આવી ચડતાં લોકોમાં ડરનો માહોલ છે. કાકડવા ગામમાં વધુ બે પાંજરા ગોઠવ્યાં છે. કાકડવા ગામમાં એક દીપડાનુંપરિવાર વિચરણ કરતા સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. કાકડવા ગામમાં હિંસક દીપડાઓએ કૂતરા બિલાડાની સાથે સાથે હવે રહેણાંક વિસ્તારમાં હુમલા વધી રહ્યા છે. બે દિવસ પહેલા એક મહિલા પર હુમલો કર્યો હતો. જેને પગલે આગેવાનો અને સરપંચ ધર્મેશભાઈ ચૌધરીએ વનવિભાગ ઉનાઈ રેન્જમાં વધુ પાંજરા ગોઠવવાની જરૂર હોવાની રજૂઆતને પગલે વધુ બે પાંજરા ગોઠવવામાં આવ્યા છે.

# નવસારીમાં અભદ્ર માંગણી કરનાર યુવકની અટક કરાઇ



નવસારી- નવસારી જિલ્લામાં ફિલ્મી ગીતો અને કોમેડી કરી લોકોનું મન હળવું કરનાર કલાકારો વિરુદ્ધ જાતિવાચક શબ્દ ઉચ્ચાર્યા બાદ હવે એકસોશિયલ મીડિયા ઇન્ફલુએન્સર તેના સોશિયલ મીડિયામાં ફોટો મૂક્યા બાદ જલાલપોરના એક યુવાને અભદ્ર માંગ કરી હતી અને જેને પગલે આ યુવતીએ જલાલપોર પોલીસ મથકે અરજી કરી હોવાની માહિતી મળી હતી.

પોલીસે આ યુવાનને અભદ્ર ટિપ્પણી બદલ અટક કરવામાં આવ્યો હોવાની માહિતી મળી છે. હાલમાં જ નવસારી સાયબર ક્રાઇમ બ્રાન્ચે લોકોને અપી કરી હતી કે સો.મીડિયામાં કોઇની પણ લાગણી દુભાઇ તેવી કોમેન્ટ નહીં કરવી અન્યથા કાયદાકીય કાર્યવાહી કરી શકે તો પણ લોકો સુધરતા નથી.

# શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠની માઈક્રોબાયોલોજીની વિદ્યાર્થીની વિભૂતિબેન પટેલે યુનિવર્સીટીમાં પ્રથમ સ્થાન સાથે બે ગોલ્ડ મેડલ




**વલસાડ, કિરણ પટેલ-** પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશજીના દૂરંદેશીપુર્ણ માર્ગદર્શનથી ધરમપુરમાં કાર્યરત વિજ્ઞાન પ્રવાહની કોલેજ શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણ સ્તર અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેની પ્રવૃત્તિઓ માટે પ્રખ્યાત છે. દર વર્ષે સુંદર પરિણામો મેળવતી આ કોલેજની યશ કલગીમાં એક નવું પીછું ઉમેરાયું છે. આ વર્ષે વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ના ૫૭ મા પદવીદાન સમારોહમાં શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠની માઇક્રોબાયોલોજી શાખામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની વિભૂતિબેન એમ. પટેલને સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ ગુજરાત રાજયના માનનીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત તેમજ વાઇસ ચાન્સેલર ડો. કિશોરસિંહ ચાવડાના હસ્તે હરિ ઓમ આશ્રમ પ્રેરિત ‘ડો. મીનુ પરબીયા ગોલ્ડ મેડલ‘ તેમજ ‘અંબા બા અંબેલાલ વશી ગોલ્ડ મેડલ‘ એમ બે પ્રતિષ્ઠિત ગોલ્ડ મેડલથી નવાજવામાં આવી.

આ પ્રસંગે વિદ્યાર્થીની વિભૂતિબેન પેટેલે કહ્યું કે આ સિદ્ધિનું શ્રેય તે પોતાના પરિશ્રમ સાથે જ તેના પરિવારને અને શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠના પ્રોત્સાહક વાતાવરણ તથા અધ્યાપકોએ ઉઠાવેલી જહેમતને આપે છે. વધુમાં આ મેડલ સમાજહિત માટે સંશોધન કરવાના તેના સપના પ્રત્યે તેને વધુ પ્રતિબધ્ધ બનાવશે એમ પણ જણાવ્યું.

શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ દ્વારા કારકિર્દી સેમિનાર, ઇન્ડસ્ટ્રી વિઝિટ, ઇન્ટર્નશીપ, પ્લેસમેન્ટ માટેની તાલીમ, વગેરેનું આયોજન કરવામાં આવે છે. સાથે જ તેમને રોજગારની યોગ્ય તક મળી રહે તે હેતુથી કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન પણ કરવામાં આવે છે, જેમાં આ વર્ષે વાપી, વલસાડ અને દમણની કેમિકલ અને ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે નામાંકિત કંપનીઓએ ભાગ લીધો હતો અને તેમાં વિભૂતિબેન પેટેલને એક પ્રસિદ્ધ કંપનીમાં આર એન્ડ ડી ઓફિસર તરીકે પ્લેસમેન્ટ મળ્યું છે.

વિભૂતિબેન પેટેલના પ્રોફેસરોએ કહ્યું કે વિભૂતિબેન પેટેલે મેળવેલ સિધ્ધિએ શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠની સાથે જ સમગ્ર વલસાડ જિલ્લાને પણ ગૌરવ અપાવ્યું છે. સાથે જ તેઓએ તેની ભવિષ્યની સંશોધન યાત્રા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# અંબાચના ખેતરમાંથી ચંદનના વૃક્ષોનું નિકંદન



વાલોડ- વાલોડ તાલુકાના અંબાચ ગામે ચંદનના ઝાડ કાપી નાંખી લાકડાની ચોરી કરવા તેમજ ધમકી આપવા બદલ પાડોશી ખેડૂત વિરુદ્ધ પોલીસ અને ફોરેસ્ટ વિભાગમાં ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ અરજી કરવામાં આવી છે.

ફરિયાદી ખેડૂતે ઝાડ કાપી નાખનાર આરોપી દ્વારા તેમને ખેતરમાં ન આવવાની ધમકી આપી, જાનથી મારી નાખવાની ધમકી આપવા અને ગાળો આપવા અંગે પણ આક્ષેપ કર્યો છે.

મળતી માહિતી મુજબ, વાલોડના ઈબ્રાહીમ યુસુફ ભુલાની બ્લોક નંબર ૧૧૧ની ખેતીની જમીનમાં ચંદનના ચારથી પાંચ ઝાડ કાપી નાખી લાકડાની ચોરી થઈ હતી. ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૧૫ કલાકે ખેડૂત પોતાના ખેતરે પહોંચ્યા ત્યારે તેમને ઝાડ કપાયેલા અને લાકડા ગાયબ જોવા મળ્યા હતા.

જેથી આ અંગે પૂછપરછ કરતાં પાડોશી ખેડૂત કુલદીપભાઈએ આક્રમક વલણ અપનાવી તેમને ખેતરમાં ન આવવાની ચેતવણી આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. એટલું જ નહીં, ગાળો આપી ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે વાલોડ પોલીસ અને તાપી જિલ્લાના રેન્જ ફોરેસ્ટ વિભાગને ફરિયાદ અરજી કરવામાં આવી છે.

ફરિયાદ ખેડૂતના જણાવ્યા મુજબ, તેમની અને કુલદીપભાઈ વચ્ચે જમીન કબજાની બાબતે સિવિલ કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે, તેમ છતાં તેઓ દસ્તાવેજી રીતે જમીનના માલિક છે.

# સરકારી સહાય કૌભાંડઃ બે આરોપી ઝડપાયા:લાખોની છેતરપિંડી, અન્ય બે ભાગેડુઓને પકડવા ટીમ રવાના

નવસારી- નવસારીમાં સરકારી સહાયના બહાને લાખો રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. પોલીસે આ મામલે બે આરોપીઓની ધરપકડ કરી છે. આ ગેંગે લોકોને રૂ. ૧૫,૦૦૦ ની સરકારી સહાયની લાલચ આપી તેમના નામે પશુપાલન લોન લઈને કુલ રૂ. ૫૫.૮૫ લાખની છેતરપિંડી આચરી હતી.

પોલીસે ગણતરીના દિવસોમાં મુખ્ય આરોપી સહિત બે વ્યક્તિઓને ઝડપી પાડ્યા છે. ટાઉન પીઆઈ અશ્વિન સરવૈયાના જણાવ્યા અનુસાર, અલ્પેશ અને અશ્વિન નામના અન્ય બે ભાગેડુઓને પકડવા માટે ટીમો રવાના કરવામાં આવી છે અને ટૂંક સમયમાં તેમની પણ ધરપકડ કરવામાં આવશે.

આ કૌભાંડ અંગે નવસારીના દશેરા ટેકરી વિસ્તારના જય રમણ પટેલે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ,



દિનેશ પટેલ (ઉંડાચ, ગણદેવી), પ્રકાશ રાઠોડ (વેસ્મા, જલાલપોર) તેમજ સુરતના અલ્પેશ ધાની અને અશ્વિન નામના ચાર શખ્સોએ આ ગુનાહિત કાવતરું રચ્યું હતું.

આરોપીઓએ ફરિયાદી સહિત આશરે ૩૫ લોકોને સરકાર તરફથી રૂ.૧૫,૦૦૦ની સહાય મળતી હોવાની લાલચ આપી હતી. વિશ્વાસ કેળવીને તેમણે ભોગ બનનાર પાસેથી આધારકાર્ડ, પાનકાર્ડ અને ફોટા જેવી અંગત વિગતો મેળવી લીધી હતી.

ત્યારબાદ, આરોપીઓ ભોગ બનનાર તમામને નવસારી અને આસપાસની બેંક ઓફ બરોડાની શાખાઓ જેવી કે લુન્સીકૂઇ, કોથમડી, વિજલપોર, ખત્રીવાડ, કબીલપુર અને મરોલી બજારમાં લઈ ગયા હતા. અહીં સહાયના નામે તેમના બેંક ખાતા ખોલાવવામાં આવ્યા હતા.

વોઈસ ઓફ આદિવાસી
ગુજરાતી સાપ્તાહિક (નવસારી)
VOICE OF ADIVASI
(WEEKLY)-NAVSARI

## તંત્રી લેખ...



તંત્રી-શૈલેશભાઈ વી.પટેલ
(સન ઓફ આદિવાસી)

### ભારતમાં તહેવારોનું સામાજિક-આર્થિક મહત્ત્વ છે અને એમાંય દિવાળીની તો વાત જ જુદી છે

દિવાળીમાં લોકોની ખરીદશક્તિ અન્ય તહેવારોની સરખામણીએ અનેક ગણી વધી જાય છે ઈ-કોમર્સે તો આખું કન્ઝ્યુમર બિહેવિયર ચેન્જ કરી નાખ્યું છે. દિવાળીમાં કપડાં, મીઠાઈ, ફટાકડા પૂરતું જે માર્કેટ સીમિત હતું એ હવે મોબાઈલ, લેપટોપ, ઈલેક્ટ્રોનિક્સ, હોમ એપ્લાયન્સીસ સુધી વિસ્તર્યું છે. અર્થતંત્રમાં છેલ્લાં ત્રણેક દશકાથી આ શબ્દ પ્રચલિત છે. ૯૦ના દશકામાં યેલ યુનિવર્સિટીના પ્રોફેસર જોએલ વાલ્ડફોગેટે રિસર્ચ પેપર રજૂ કર્યું હતું. એમાં ક્રિસમસ દરમિયાન અર્થતંત્ર પર પડતી અસરોની ચર્ચા કરી હતી. એમાં આ પ્રોફેસરે ઈકોનોમિક્સ ઓફ ક્રિસમસ એવો શબ્દ પ્રયોજયો હતો. એના પરથી ઈન્સ્પાયર્ડ થઈને ભારતમાં ૨૧ મી સદીની શરૂઆતમાં ફેસ્ટિવલ ઈકોનોમી શબ્દ વપરાવા લાગ્યો.

ભારતમાં તહેવારો અને અર્થતંત્રને ગાઢ સંબંધ છે. વર્ષોથી દિવાળીમાં જ વાર્ષિક હિસાબ-કિતાબ થતાં હતાં. દરેક તહેવારનું વિશેષ મહત્ત્વ છે અને દરેક તહેવારમાં માર્કેટને બૂસ્ટર મળે છે. મીઠાઈથી લઈને કપડાં, શણગાર, રંગોળી માટે કલર્સ, હોળીના કલર્સ વગેરે. એમાંય ભારતમાં તહેવારોનું જ એટલું વૈવિધ્ય છે કે ગુજરાતમાં મકરસંક્રાંતિ વખતે પતંગોનું માર્કેટ ભરાય છે, એમ બંગાળમાં દુર્ગાપૂજા વખતે અલગથી ખરીદી નીકળે છે. મહારાષ્ટ્રમાં ગણેશ મહોત્સવ સમયે રાજયના બજારો ધમધમવા લાગે છે. બિહારમાં છઠ્ઠ પુજાનો ઉત્સાહ બજારમાં વર્તાતો હોય છે. ક્રિસમસ પશ્ચિમી દેશોના અર્થતંત્ર માટે બૂસ્ટર સાબિત થાય છે અને ઈદ ઈસ્લામિક વર્લ્ડના અર્થતંત્રમાં નવી રોશની લાવે છે એમ ભારતમાં મોટા તહેવારો - દિવાળી, હોળી, જન્માષ્ટમી, નવરાત્રિએ માર્કેટમાં રંગ જામે છે. એમાંય દિવાળીની તો વાત જ નિરાળી છે. દિવાળીની ખરીદીનો ધમધમાટ આમ તો છેક નવરાત્રિથી જ શરૂ થઈ જતો. પહેલાં જયારે લોકલ માર્કેટનો દબદબો હતો અને આખા ઘરના કપડાં સીવડાવવા પડતાં ત્યારે દિવસો અગાઉ કાપડ લઈને, માપ આપીને તૈયારી કરવી પડી એટલે દિવાળીના મહિના અગાઉ નાના ટાઉન, શહેરોના માર્કેટમાં રોશની જોવા મળતી, પરંતુ જયારથી તૈયાર રેડીમેડ માર્કેટનો દબદબો વધ્યો છે ને દેશમાં ઈ-કોમર્સની એન્ટ્રી થઈ છે ત્યારથી છેક દિવાળીના આગલા દિવસ સુધી શોપિંગનો ધમધમાટ ચાલતો રહે છે.

ઈ-કોમર્સે તો આખું કન્ઝ્યુમર બિહેવિયર ચેન્જ કરી નાખ્યું છે. દિવાળીમાં કપડાં, મીઠાઈ, ફટાકડા પૂરતું જે માર્કેટ સીમિત હતું એ હવે મોબાઈલ, લેપટોપ, ઈલેક્ટ્રોનિક્સ, હોમ એપ્લાયન્સીસ સુધી વિસ્તર્યું છે. છેલ્લાં દશકામાં ઈ-કોમર્સે કંપનીઓએ દિવાળીમાં ફેસ્ટિવલ ઓફર્સનો સિલસિલો શરૂ કર્યો પછી ભારતના અર્થતંત્રમાં એની મોટી અસર થાય છે. દેશની ફેસ્ટિવ ઈકોનોમી પર હવે દુનિયાભરની નજર મંડાઈ છે.

દેશમાં ગયા વર્ષે દિવાળીના તહેવારોમાં ૪.૫૦ લાખ કરોડ રૂપિયાની ખરીદી નીકળી હતી. આ વર્ષે દિવાળીને માંડ એક સપ્તાહ બાકી છે ત્યાં જ ૪.૭૫ લાખ કરોડ રૂપિયાની શોપિંગ થઈ ગઈ હોવાનો અંદાજ બાંધવામાં આવ્યો છે. આ વર્ષે વોકલ ફોર લોકલનો નારો ફરી ગૂંજી રહ્યો છે. આમ તો દર વર્ષે ઘણાં સંગઠનો લોકલ માર્કેટને બૂસ્ટર મળે તે માટે આવી અપીલ કરતાં હોય છે. ઘણી કંપનીઓ પણ એવી જાહેરાત બનાવે છે ને લોકલ માર્કેટને પ્રોત્સાહન આપવાની અપીલ લોકોને કરે છે. પરંતુ આ વખતે અમેરિકાના ટેરિફ વચ્ચે દેશમાં સ્વદેશી સ્વદેશી થઈ રહ્યું છે અને તેની અસર લોકલ માર્કેટને થાય એવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. એ બધા વચ્ચે અમુક સેક્ટર્સ ફેસ્ટિવ ઈકોનોમીના કારણે વાઈબ્રન્ટ બન્યાં છે. ફેસ્ટિવ ઈકોનોમીનો ભારતની જીડીપીમાં ૧૦ ટકા હિસ્સો છે. આ કંઈ નાનોસૂનો આંકડો નથી. તહેવારોમાં જ દેશવાસીઓ મન મૂકીને ખરીદી કરે છે કે તેનાથી અનેક ખોટ કરી રહેલી કંપનીઓ, લાખો-કરોડો નાના દુકાનદારો નભી જાય છે. તો અમુક સેક્ટર્સ માટે તે તહેવારો હેપનિંગ સિઝન બની રહે છે. ઓટોમોબાઈલની જ વાત કરીએ - આ સેક્ટર્સ તો ચાલે છે જ ફેસ્ટિવલના કારણે! ભારતમાં ઓટોમોબાઈલના કુલ વેચાણમાંથી ૪૨ ટકા વેચાણ ફેસ્ટિવલ દરમિયાન થાય છે ને એમાંય દશેરાથી દિવાળીમાં જ ૨૮ ટકા સુધીનો ગ્રોથ જોવા મળે છે.

## સુરતના ઉધના રેલવે સ્ટે. બહાર ૧ કિમીની લાઈન
# દિવાળી, છઠ્ઠ પૂજા અને બિહાર ચૂંટણીને લઈને વતન જવા ૬ હજારથી વધુ મુસાફર ઉમટ્યા

સુરત- દિવાળી અને છઠપૂજા પહેલાં ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિસા તરફની ટ્રેનોમાં ભારે ધસારો જોવા મળે છે, પરંતુ આ વખતે બિહારમાં ચૂંટણી હોવાથી દર વર્ષ કરતાં વધુ ભીડ જોવા મળી રહી છે. હવે દિવાળીને ગણતરીના દિવસ બાકી છે. જેથી ઉત્તરપ્રદેશ, બિહાર તરફની ટ્રેનોમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. જેથી ઉધના રેલ્વે સ્ટેશન બહાર ટ્રેનમાં બેસવા માટે પરપ્રાંતીયોની એક કિમી લાંબી લાઇન લાગી છે. સવારથી બપોર સુધીમાં ૪ ટ્રેનમાં બેસવા ૬ હજારથી વધુ મુસાફરો રેલવે સ્ટેશન પહોંચી ગયા છે.

સુરત ડાયમંડ અને ટેક્સટાઇલ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર હોવાથી અહીં મોટી સંખ્યામાં પરપ્રાંતીય શ્રમિકો વસે છે. તહેવારો અને ચૂંટણીના કારણે મોટી સંખ્યામાં લોકો પોતાના પરિવાર સાથે જોડાવા નીકળતા, રેલવે સ્ટેશન પર જનસાગર ઉમટ્યો છે. મુસાફરોની આ જંગી ભીડને કારણે સ્ટેશન પર એક કિમી લાંબી લાઇન જોવા મળી રહી છે. વહેલી સવારથી લઈને ઉપડેલી ટ્રેનોમાં જવા માટે ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની ચહલપહલ જોવા મળી હતી. સવારથી બપોર સુધીમાં ૪ ટ્રેનમાં બેસવા ૬ હજારથી વધુ મુસાફરો ઉધના રેલવે સ્ટેશન પહોંચી જતાં ઉધના સ્ટેશન પર ભારે ભીડ થઈ ગઈ હતી. ભીડને કાબૂમાં રાખવા સાથે કોઈ અનિચ્છનીય ઘટના નહીં બને તે માટે રેલવે પ્રોટેક્શન ફોર્સ અને રેલવે પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતની ટીમ સતત પેટ્રોલિંગમાં જોવા મળી હતી.



પોલીસે ડ્રોન ઉડાડવા સાથે સીસીટીવીના માધ્યમથી મુસાફરોની ગતિવિધિ પર નજર રાખી હતી. ઉધના અને સુરત રેલવે સ્ટેશનના આરપીએફ રેલવે ડ઼ઈ સહિતની ટીમ સતત ખડેપગે રહી હતી. મુસાફરોને હોલ્ડિંગ એરિયામાં ભેગા કરી જેમ જેમ ટ્રેન આવતી ગઈ તેમ તેમ તેઓને ટ્રેન સુધી લઈ જવામાં આવ્યા હતા. ચૂંટણીને પગલે આ વખતે ઉત્તરપ્રદેશ, બિહાર તરફની એક્સ્ટ્રા ટ્રેન દોડાવવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે. આ ઉપરાંત રેલવે પ્રોટેક્શન ફોર્સ અને રેલવે પોલીસે પેટ્રોલિંગ માટે એક્સ્ટ્રા ટીમ મેદાનમાં ઉતારી છે. દિવાળી પહેલા આજે રવિવારે ઉધનાથી જયનગર અંત્યોદય અનરિઝર્વ ટ્રેન જશે. આ ટ્રેન મારફતે માદરે વતન જવા માટે મોટી સંખ્યામાં લોકો ઉધના રેલવે સ્ટેશન પર ઊમટી પડ્યા હતા. આ ટ્રેનની સાથે તાપ્તિગંગા ટ્રેન પણ રવાના થઈ હતી. ત્યારે આજે સવારના સમયે ઉધના સ્ટેશન પર ભારે ભીડ જોવા મળી હતી. આ ભીડને કાબૂમાં રાખવા માટે રેલવેતંત્ર ખડેપગે રહ્યું હતું.

મુસાફરોની માગને પહોંચી વળવા માટે રેલવે દ્વારા નિયમિત ટ્રેનો ઉપરાંત અન્ય સ્પેશિયલ અને અનરિઝર્ડ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. ગત વર્ષોમાં આ સિઝનમાં જોવા મળેલી ભારે ભીડ અને તેના કારણે થયેલી અગવડતાને ધ્યાનમાં રાખીને, આ વર્ષે પણ રેલવેએ વધારાની ટ્રેન ટ્રીપ્સની જાહેરાત કરી છે. જોકે, મુસાફરોની સંખ્યા એટલી વિશાળ છે કે વિશેષ ટ્રેનો પણ ઓછી પડી રહી છે. પ્રવાસીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ શાંતિ જાળવે અને રેલવે તેમજ સુરક્ષા દળોને સહકાર આપે. આ ભીડ આગામી થોડા દિવસો સુધી રહેવાની શક્યતા છે, જયાં સુધી મોટા ભાગના પ્રવાસીઓ તેમના વતન પહોંચી ન જાય.

## વાવાઝોડાંની ચોક્કસ આગોતરી જાણકારીના અભાવે નુકસાની ઓછી કરવામાં મુશ્કેલી



નવસારી- ૧૩ ઓક્ટોબરના દિવસને આંતરરાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડા દિવસ તરીકે ઓળખવામાં આવે છે. આમ તો આપત્તિ યા હોનારત અનેક પ્રકારની આવે છે, જેમ કે આગ, ભૂકંપ, વાવાઝોડું, પૂર વિગેરે પણ નવસારી જિલ્લાનો છેલ્લા કેટલાક વર્ષનો અનુભવ જોઈએ તો અહીં મુખ્યત્વે બે આપત્તિ અવારનવાર આવતી રહી છે.

ચોમાસામાં ભારે વરસાદના કારણે પૂર તો લગભગ દર ચોમાસે એક યા વધુ વખત આવે છે તો વાવાઝોડું પણ આવ્યું છે. આપત્તિઓને રોકવી તો લગભગ શક્ય નથી પણ તેની અસર ઓછી જરૂર કરી શકાય છે. જે માટે આપત્તિ વ્યવસ્થાપન યા ડિઝાસ્ટર મેનેજમેન્ટ મહત્વનું છે. નવસારી જિલ્લામાં પણ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કાર્યરત છે.

આ વિભાગ આમ તો વરસાદની સ્થિતિ ધ્યાને લઈ કોમ્યુનિકેશનની મદદથી નદીમાં પૂર આવવાની આગોતરી જાણકારી અસરગ્રસ્તોને કરે છે, જેથી નુકસાની, જાનહાનિ ઓછી થાય છે. જોકે નદીના પૂર રહેણાંક, ખેતીવાડીમાં ઓછા પ્રવેશે તેવું નક્કર આયોજન થયું નથી. વાવાઝોડાંમાં સ્થિતિ ખરાબ છે.

હજુ પણ વાવાઝોડું ચોક્કસ ક્યારે, ક્યાં, કેવી રીતે ત્રાટકશે તે માપવામાં પણ મુશ્કેલી પડી રહી છે, જેથી આગોતરી જાણકારી દ્વારા નુકસાની ઓછી કરી શકાતી નથી. હાલ વાંસદા, ચીખલી તાલુકામાં આવેલ વાવાઝોડાંએ આ બાબત સાબિત કરી છે .

## નવસારીમાં ભાજપના મહિલા નેતાના ઘરમાં SOGનો છાપો:શંકાસ્પદ પરવાનાવાળી લોડેડ રિવોલ્વર અને કારતુસ જપ્ત




નવસારી- નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં ભાજપના એક મહિલા નેતાના મકાનમાં જિલ્લા પોલીસે શનિવારે છાપો માર્યો હતો. પોલીસે શંકાસ્પદ પરવાનાવાળી એક લોડેડ રિવોલ્વર, ૮ જીવતા અને ૧૮ ખાલી કારતુસ સહિત કુલ ૮૦,૮૮૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે જાણવાજોગ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

નવસારી SOG સ્ટાફે ભાજપના એક મહિલા નેતાના રહેણાંક મકાનમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ૮૦,૦૦૦ રૂપિયાની કિંમતની એક લોડેડ રિવોલ્વર મળી આવી હતી. આ રિવોલ્વરમાંથી ૬ અને અન્ય ૨ મળી કુલ ૮ જીવતા કારતુસ તથા ૧૮ ખાલી કારતુસ પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

જિલ્લા પોલીસના મહિલા સ્ટાફ સહિત પાંચ જેટલા વાહનોમાં આવેલા અધિકારીઓએ સવારથી મોડી સાંજ સુધી સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ દરમિયાન પરિવારના અન્ય સભ્યોના મોબાઈલ ફોન પણ કબજે લેવામાં આવ્યા હતા. ઘરમાં આશ્રિત વ્યક્તિઓને પ્રવેશબંધી ફરમાવીને પોલીસે ઝીણવટભરી તપાસ કરી હતી.

પોલીસ સૂત્રો દ્વારા કેટલાક બનાવટી ઓળખ કાર્ડ પણ મળ્યા હોવાનું કહેવાય છે, જોકે તેની ફરિયાદમાં નોંધ લેવાઈ નથી. પોલીસ દ્વારા હથિયારના પરવાનાની સઘન તપાસ, ખાલી કારતુસોનો ઉપયોગ ક્યાં થયો હતો અને તેના બિલ સહિતની બાબતોની તટસ્થ તપાસ કરવામાં આવશે. જો પરવાનો બનાવટી જણાશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## પારડીના વૃદ્ધ સાથે છેતરપિંડી કરી બે યુવાને એક્સપ્રેસ વે ના ૫૬.૪૦ લાખ ઉપાડી લીધા

નવસારી- નવસારીમાં વડોદરા મુંબઈ એક્સપ્રેસની જગ્યાના નાણાં જમા આવવા બાબતે બીલીમોરા અને નવસારીના યુવાને કાવત્રુ રચી વૃદ્ધના ખાતામાં નામ દાખલ કરાવી રૂ.૫૬.૪૦ લાખ છેતરપિંડી કરી, નાણા માંગવા જતા ઊલટાનું મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ નોંધાઈ હતી. નવસારીના કબાડા ગામે બચુભાઈ હળપતિ ઉવ. ૭૩ હાલ રહે. સુરત મૂળ પારડી અઢાર ગાળા, તા. જી નવસારીની કબાડા ગામે ખાતા નંબર ૧૮૮ વાળી જમીનમાં અમુક જમીન વડોદરા મુંબઈ એક્સપ્રેસ વેમાં સંપાદન થઈ હતી.

જે બાબતે ખબર પડતા પારડી ગામના યુવાને જમીન માલિક વૃદ્ધ હોય તેનો લાભ ઉઠાવી દેવશંકર ચંદ્રશીલ રહે. ગણદેવી તા. ગણદેવીની મદદથી વૃદ્ધના નામે બેકમાં ખાતું ખોલવાના બહાને છેતરપિંડી કરી નામ દાખલ કરાવી રૂ. ૫૬.૪૦ લાખ ઉપાડી લઈને ત્યાર બાદ નાણાં આપવા ન પડે તે માટે ફરિયાદીને વળતર આપવા વાયદા કર્યા હતા.પણ ચાર વર્ષના આપતા બંને આરોપીઓ જે થાય તે કરીલો કોઈ અમારું બગાડી શકે નહીં હવે રૂપિયા લેવા આવીશ તો હાથ પગ ભાંગી નાખીશ તેવી સતીશ અને દેવ શંકરે ધમકી આપી હતી. અંતે ગ્રામ્ય પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે તપાસ બાદ બંને આરોપી વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. માર્ચ ૨૦૨૧ માં પૈસા આવનાર હોય પારડીના સતીશ હળપતિએ વૃદ્ધ બચુભાઈને બેકમાં ખાતું ખોલાવવાનું જણાવી તેમાં પોતે સાક્ષી અને બીજા ખાતેદાર તરીકે સતીશે પોતાનું નામ દાખલ કર્યું.

## RTOની ફેક લિંક મોકલી રૂ.૧.૨૭ લાખની ઠગાઈ



સુરત- RTO ચલણની APK ફાઈલ ડાઉનલોડ કરવામાં રત્નકલાકારના બેક ખાતામાંથી ૧.૨૭ લાખની રકમ ઉપડી ગઈ છે. આ અંગે રત્નકલાકાર હરસુખ પટોળીયાએ લસકાણા પોલીસમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

લસકાણા સિધ્ધીવિનાયક સોસાયટીમાં રહેતા અને હીરાના કારખાનામાં નોકરી કરતા ૪૮ વર્ષીય હરસુખ ભીખુ પટોળીયા પર ૧૯ મી ઓગસ્ટે નોકરી પરથી ઘરે આવ્યો હતો. પછી તેઓ મોબાઇલમાં વોટસએપ પર એક લીંક આવી હતી. જેમાં RTO ચલણ હોવાનો મેસેજ હતો.

કલાકારે આ લીંક ઓપન કરવા જતા એક APK ફાઈલની પીડીએફ આવી હતી. ૧૫ મી ઓગસ્ટે તેઓ બાઇક હેલમેટ પહેર્યું ન હોવાથી દંડની રસીદ આવી હશે એવું તેઓને લાગ્યું હતું. પછી અચાનક બીજા દિવસે તેમના બેક ખાતામાંથી ૭૭૯૭૩ અને એફડી કરાવેલ ૫૦ હજાર ખાતામાંથી ઉપડી ગયા હતા.

## નવસારી રવિવારીય બજાર હવે દિવાળી સુધી સતત ૮ દિવસ ભરાશે



નવસાર- નવસારી શહેરમાં અને ત્યાર બાદ જિલ્લામાં કપડા, વાસણ અને ઘર વપરાશ ની વસ્તુઓ માટે ગરીબો માટે અને ફેશન કરતા યુવાનો માટે એક જ જગ્યાએ બધું મળી રહે તે માટે વર્ષોથી રવિવારીય બજાર ભરાય છે. આ વરસે રવિવારીય બજાર દિવાળી સુધી સતત ૮ દિવસ ૨૧ ઓક્ટબર સુધી ભરાશે.

નવસારી શહેરમાં સસ્તા ભાવે ચીજવસ્તુઓ, કપડાં,અવનવી ફેશન ની વસ્તુઓ સસ્તા ભાવે મળી રહે તે માટે વર્ષો પહેલા લુંસીકુઇ મેદાનમાં રવિવારીય બજાર ભરાતી હતી.જેમાં દર રવિવારે જિલ્લામાંથી લોકો આવતા હતા અને લોકોને દરેક ચીજ વસ્તુઓ મળી જતી હતી.

હવે જમાનો ઓનલાઇન ખરીદીનો છે છતાં રવિવારે લોકો રિંગ રોડ ખાતે ભરાતી રવિવારીય બજારમાં આવે જ છે. હાલના રવિવાર બજારના સંચાલક દિલીપ પટેલે જણાવ્યું કે, ગરીબ અને મધ્યમવર્ગીય લોકો માટે જરૂરી ચીજવસ્તુઓ દિવાળી દરમિયાન મળી રહે તે માટે તા.૧૩ થી ૨૧ ઓક્ટોબર દિવાળી સુધી રિંગ રોડ ખાતે સતત રવિવારીય બજાર ભરાશે.

## બીલીમોરામાં આખલાઓની લડાઇમાં ૬ વાહનોને નુકસાની



રસ્તા વચ્ચે આખલાયુદ્ધ શરૂ થતાં વાહનચાલકો અને રાહદારીઓમાં નાસભાગ મચી ગઈ હતી અને લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા.

બીલીમોરા- બીલીમોરા શહેરમાં રખડતાં ઢોરનો ઉપદ્રવ યથાવત રહેવા પામ્યો છે, ત્યારે પશ્ચિમ વિસ્તારના સ્ટેશન માર્ગ મસ્જિદ પાસે રવિવારે બે કદાવર આંખલાઓ બાખડતાં ભારે ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ભરચક વિસ્તારમાં બનેઆ ઘટનાને કારણે લગભગ વીસ મિનિટ સુધી વાહનવ્યવહાર થંભી ગયો હતો અને રાહદારીઓમાં અને સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, બીલીમોરા પશ્ચિમ તરફ સ્ટેશન માર્ગ પર મસ્જિદ સામેના વિસ્તારમાં બે અલમસ્ત આંખલાઓ અચાનક એકબીજા સાથે લડાઈમાં ઉતર્યા હતા. રસ્તા વચ્ચે આખલાયુદ્ધ શરૂ થતાં વાહનચાલકો અને રાહદારીઓમાં નાસભાગ મચી ગઈ હતી અને લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. આસપાસના દુકાનદારોએ અને સ્થાનિકોએ પાણીનો મારો ચલાવીને આંખલાઓને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ લડાઈ ચાલુ જ રહી હતી. આંખલાઓ લડતાં લડતાં સરકતા રહ્યા હતા અને આ દરમિયાન આશરે છ જેટલાં વાહનોનો કચ્ચરઘાણ વાળી નાંખ્યો હતો.

જેને કારણે ૬ થી વધુ વાહનોને મોટું નુકસાન થયું હતું. લગભગ ૨૦ મિનિટના આતંક બાદ આખરે એક આંખલાએ હાર સ્વીકારી હતી અને બંને ત્યાંથી ભાગી છૂટ્યા હતા, જેના પગલે વાહનવ્યવહાર પૂર્વવત થયો હતો.

DATE-14/10/2025
TUESDAY

વોઈસ ઓફ આદિવાસી
ગુજરાતી સાપ્તાહિક (નવસારી)

VOICE OF ADIVASI
(WEEKLY)-NAVSARI

## તાપી ફન ફેસ્ટના ભવ્ય કાર્યક્રમમાં ગીત-સંગીતથી દર્શકો ઝુમી ઉઠ્યા

### હેમ્ઝ મ્યુઝિક ઈવેન્ટ વ્યારા દ્વારા દેશભક્તિ ગીત અને લીમડદા ગામના લોકગાયકના ગૃપના લોકડાયરાના આદિવાસી કલાકારોએ મિશન લાઈફ તાપી ફન ફેસ્ટ ૨૦૨૫ ના કાર્યક્રમને દિપાવ્યો હતો

વ્યારા- તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા (સયાજી ગ્રઉન્ડ) ખાતે તા. ૧૧/૧૦/૨૦૨૫ ના શનિવારના રોજ સાંજે પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા તાપી ફન ફેસ્ટ ૨૦૨૫ના ભવ્ય સમારોહમાં હેમ્ઝ મ્યુઝિક ઈવેન્ટ દ્વારા દેશભક્તિગીતો તેમજ લીમડદા ગામના ગ્રુપ દ્વારા ભવ્ય લોકડાયરો યોજાયો હતો. ગીત સંગીતથી ભરપૂર કાર્યક્રમને લઈ દર્શકો ઝુમી ઉઠ્યા હતા.

જિલ્લા વહીવટી તંત્રના સુચારુ આયોજનથી અનેકવિધ કાર્યક્રમોમાં હજારો સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્ટ/ ઈલેક્ટ્રોનિક મીડિયા તેમજ સોશિયલ મીડિયા માધ્યમથી લોકોને સંદેશ પહોચાડવાનો જિલ્લા માહિતી કચેરી દ્વારા ભરપુર પ્રયાસ કરાયો હતો. ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા મિશન લાઈફ (પર્યાવરણ માટે જીવન શૈલી) મુખ્ય થીમ સાથે જિલ્લામાં ઠેરઠેર લોકજાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું. ટકાઉ જીવનશૈલી પ્રત્યે લોકજાગૃતિ લાવવા માટે સરકારશ્રીની અનોખી પહેલ ને લોકોએ ચોમેરથી આવકારી અને બિરદાવી હતી.




હેમ્ઝ મ્યુઝિક ઈવેન્ટ વ્યારાના ઓરકેસ્ટ્રાના કલાકારોએ શાનદાર દેશભક્તિ ગીતો રજુ કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ગૃપના સાજિંદાઓ કી-બોર્ડ હેમંત ગામીત,ગાયક કલાકારો સુરભી ચૌધરી, દર્શના પાટીલ, પ્રજ્ઞાબેન પટેલ, પ્રદિપ ચોધરી, અલ્કેશ ચૌધરી, કલ્યાણીબેન પારેખ, સોહમ, તબલાવાદક નૈતિક ગામીત, ઓક્ટોપેડ સુનિલ ગામીત, ગિટારવાદક સિલાસ ગામીત તેમજ લોકડાયરા ના કલાકારો શંકરભાઈ ચૌધરી, નિતિનભાઈ ચૌધરી, ઉલ્લાસભાઈ ચૌધરી, એન્કર ઉત્પલભાઈ પુરોહિત, તબલાવાદક અક્ષય પટેલ, બેન્જોવાદક સાગર પટેલ, ઓક્ટોપેડ અંકુર ચૌધરી, મંજીરા વાદક હિમેશ પટેલ, અંકિત પટેલ સાઉન્ડ ઓપરેટર નિતેશ ચૌધરી સાજીંદા કલાકારોએ ઉપસ્થિત લોકોને ડોલાવી દીધા હતા.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી ઓ મોહનભાઈ કોકણી, ડો. જયરામભાઈ ગામીત, વ્યારા નગરપાલિકા પ્રમુખશ્રી રીતેશભાઈ ઉપાધ્યાય, જિલ્લા કલેક્ટરશ્રી ડો. વિપિન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રામનિવાસ બુગાલિયા, જિલ્લા પોલીસવડા શ્રી જે એન દેસાઈ, પ્રાયોજના વહીવટદારશ્રી જયંતસિંહ રાઠોર, પદાધિકારીઓ, વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મીઓ, ખેલાડીઓ, કલાપ્રેમીઓ, બાળકો, મહિલાઓ, યુવાનો સહિત મોટી સંખ્યામાં નાગરિકોએ ગીત સંગીતનો કાર્યક્રમ માણ્યો હતો.

## કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની ઉપસ્થિતિમાં વલસાડ ખાતે આરપીએફનો ૪૧ મો સ્થાપના દિવસ ધામધૂમથી ઉજવાયો

**વલસાડ, બ્યુરો ચીફ- કિરણ પટેલ**-મંત્રીશ્રીએ શાનદાર પરેડનું નિરિક્ષણ કરી પ્રશંસનીય સેવા આપનાર ૪૧ જવાનોને પુરસ્કાર એનાયત કર્યા. કેન્દ્રિય રેલવે મંત્રીશ્રીના વકતવ્યના અંશો રોજના ૨ કરોડ યાત્રી રેલવેમાં મુસાફરી કરે છે તેમની સુરક્ષા અને સલામતીની જવાબદારી આરપીએફ સુપેરે નિભાવી રહી છે. દિવાળી અને છઠ્ઠના તહેવારે ૧૨ હજાર સ્પેશિયલ ટ્રેન દોડી રહી છે, આ ત્યારે જ શક્ય બન્યું કે, જયારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કર્યો. ફ્રેઈટ કોરીડોરમાં અંદાજે ૬૦૦૦૦ કિમી આસપાસનું ઈલેકટ્રીફિકેશન થયું, જે વિશ્વના દેશો માટે આર્શ્ચયચકિત કામગીરી છે. બુલેટ ટ્રેનનું કામ સ્પીડમાં ચાલી રહ્યુ છે, પ્રથમ સેક્શનમાં બુલેટ ટ્રેન સુરતથી બીલીમોરા વચ્ચે ચાલુ થશે. તાજેતરમાં જ ૩૫૦૦ જનરલ કોચ ટ્રેનમાં જોડી દીધા છે અને વધુ ૭૦૦૦ જનરલ કોચનું પ્રોડક્શન ચાલી રહ્યુ છે.





પહેલા ચાર- પાંચ વર્ષે ભરતી થતી પરંતુ હવે દર વર્ષે સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા ભરતી કરાશે જેનાથી આરપીએફનું મેનેજમેન્ટ વધુ સુદ્રઢ બનશે. કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવના મુખ્ય મહેમાન પદે ગુજરાતમાં પ્રથમવાર વલસાડ ખાતે છડઃઋના પ્રાદેશિક તાલીમ કેન્દ્ર ખાતે પશ્ચિમ રેલવેના રેલવે સુરક્ષા દળનો ૪૧ મો ભવ્ય સ્થાપના દિવસ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવાયો હતો. આ પ્રસંગે કેન્દ્રિય રેલવે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવે પોતાના પ્રારંભિક ઉદબોધનમાં જન જનની સેવા કરવાની ભાવના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પાસેથી મળી હોવાનું જણાવી કહ્યુ કે, આજે આરપીએફની સ્થાપનાની ઉજવણીનો ખૂબ જ ખુશીનો દિવસ છે. આરપીએફના જવાનોએ ગુમ થયેલા અનેક બાળકોનો પરિવાર સાથે મેળાપ કરાવ્યો છે, રોજના ૨ કરોડ યાત્રી રેલવેમાં મુસાફરી કરે છે તેમની સુરક્ષા અને સલામતીની જવાબદારી સુપેરે નિભાવે છે. આરપીએફ પ્રત્યે સન્માનની ભાવના પેદા થાય છે. મહાકુંભમાં પણ ખૂબ જ સરાહનીય કાર્ય કર્યુ હતુ. જે ખરેખર અભિનંદનને પાત્ર છે. રેલવે ટ્રાન્સફોર્મેશનના દૌરમાંથી પસાર થઈ રહી હોવાનું જણાવી મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, ટેક્નોલોજીનો ઉપયોગ, નવી ડિઝાઈનની ટ્રેન, લોકોમોટીવ અને નવી ટેક્નોલોજી કવચ પર દિવસ રાત કામ થઈ રહ્યુ છે. જેનો લાભ પેસેન્જરોને મળી રહ્યો છે. આ પરિવર્તનનો યુગ છે. જેમાં મહત્વના કામોનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, છેલ્લા ૧૧ વર્ષમાં ૩૫૦૦૦ કિમીની રેલવે ટ્રેક નાંખી છે જે ઐતિહાસિક કામગીરી છે. જેના કારણે વધુ ટ્રેન ચલાવી શક્યા છે. દિવાળી અને છઠ્ઠના તહેવારે ૧૨ હજાર સ્પેશિયલ ટ્રેન દોડી રહી છે. આ ત્યારે જ શક્ય બન્યુ છે કે, જયારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો થયો છે. આવનારા સમયને ધ્યાનમાં રાખી નવી પધ્ધતિથી ૧૩૦૦ સ્ટેશનનું પુનઃ નિર્માણ કરી રહ્યા છે જેમાંથી ૧૧૦ સ્ટેશનનું લોકાર્પણ કરી દીધુ છે. ફ્રેઈટ કોરીડોરમાં ઈલેકટ્રીફીકેશનનું કામ લગભગ પૂર્ણ થયુ છે. અંદાજે ૬૦૦૦૦ કિમી આસપાસનું ઈલેકટ્રીફિકેશન થયુ છે. જે વિશ્વના દેશો માટે આર્શ્ચયચકિત કામગીરી છે. સમૃધ્ધ દેશો પણ આટલી સ્પીડમાં કામ કરી શક્યા નથી.

બુલેટ ટ્રેનનું કામ તેજીથી ચાલી રહ્યુ હોવાનું મંત્રીશ્રીએ જણાવી વધુમાં કહ્યું કે, પ્રથમ સેક્શનમાં બુલેટ ટ્રેન સુરતથી બીલીમોરા વચ્ચે ચાલુ થશે.

## વિકાસ સપ્તાહ -૨૦૨૫ વલસાડ જિલ્લો

### નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપી મનપાના આશરે ૧૭ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત લોકાર્પણ કરવામાં આવ્યું

**મનપા બનવાથી વધુ ગ્રાન્ટની ફાળવણીથી અનેક વિકાસ કાર્યોની શરૂઆત થઈ છે - મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

**વલસાડ- કિરણ પટેલ-** નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઇ દેસાઈના હસ્તે વાપીના છરવાડા કોમ્યુનિટી હોલ ખાતેથી વિકાસ સપ્તાહ ૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત વાપી મહાનગરપાલિકાના આશરે ૧૭ કરોડના ૧૧ વિકાસ કામોનું ખાતમુહુર્ત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ આશરે ૧૬ લાખના ખર્ચે બનેલા છરવાડાના કોમ્યુનિટી હોલનું લોકાર્પણ અને છરવાડા, છીરી અને સલવાવ ખાતે રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ, પાણીની ટાંકી, હેરિટેજ બ્રેકેટ, પમ્પિંગ મશીનરી, પાઈપ લાઈન નાખવાના વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. ઉપસ્થિત સૌએ વિકાસ શપથ પણ ગ્રહણ કર્યા હતા. મંત્રીશ્રીના હસ્તે આયુષ્યમાન આરોગ્ય કાર્ડના લાભાર્થીઓને કાર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું.




આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ વિસ્તારના વિકાસ માટે સારા અધિકારીઓની જરૂર રહે છે. તેથી મહનગરપાલિકાના તમામ અધિકારીઓ ખુબ જ સારુ અને ઝડપી કામ કરી રહ્યા છે. મહાનગરપાલિકા બનવાથી વિકાસ કાર્યો માટે વધુ ગ્રાંટની ફાળવણી શક્ય છે. વધુ ગ્રાંટના કારણે અને સમયસર નિર્ણયો લેવાથી અને વિસ્તારોની સમસ્યાનો અભ્યાસ કરીને દરેક વિકાસ કાર્યો શરૂ થઈ ગયા છે. મહાનગરપાલિકા વિસ્તારમાં પીવાના પાણીની યોજનાઓએ પણ વધુ વેગ પકડ્યો છે તેમજ સફાઈનું કામ પણ વધુ સારું થઈ રહ્યું છે. દરેક સુવિધાઓ વ્યવસ્થિત રીતે ન મળે ત્યાં સુધી મહાનગરપાલિકા વિસ્તારમાં કોઈ પણ વેરો વધારવામાં આવશે નહી.

કાર્યક્રમમાં વાપી મનપાના કમિશનરશ્રી યોગેશ ચૌધરી, ડેપ્યુટી કમિશનરશ્રી આસ્થા સોલંકી અને અશ્વિન પાઠક, વીઆઈએ પ્રમુખ સતીષ પટેલ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનીષ દેસાઈ, વાપી તાલુકા સંગઠન પ્રમુખ સમય પટેલ, પાલિકાના માજી કારોબારી અધ્યક્ષ મિતેષ દેસાઈ, નોટિફાઈડ એરિયા માજી પ્રમુખ હેમંત પટેલ, છરવાડાના માજી સરપંચ યોગેશ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## પારડી તાલુકાના બાલદા ગામમાં વિકાસ રથના વધામણાં કરાયા

### ભારત વિકાસ પ્રતિજ્ઞા દ્વારા ગ્રામજનો વિકસિત ભારતના નિર્માણ માટે યોગદાન આપવા પ્રતિબદ્ધ થયાં

**વલસાડ- કિરણ પટેલ-** તા. ૧૨ ઓક્ટોબર ના રોજ ૨૪ વર્ષ જનવિશ્વાસ, સેવા અને સમર્પણની થીમ સાથે સમગ્ર રાજયમાં વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે ત્યારે વલસાડ જિલ્લાના પારડી તાલુકાના બાલદા ગામે જિલ્લા પંચાયતના સભ્ય મુકેશભાઈ નાનુભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં વિકાસ રથ આવી પહોચ્યો હતો. બાળાઓ દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



રથ દ્વારા વિવિધ યોજનાઓની માહીતિસભર શોર્ટ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. ગ્રામજનોને વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપીને તેનો લાભ મેળવવા પ્રેરિત કર્યા હતાં તેમજ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. ભારત વિકાસ પ્રતિજ્ઞા દ્વારા ગ્રામજનો વિકસિત ભારતના નિર્માણ માટે યોગદાન આપવા પ્રતિબદ્ધ થયાં હતાં. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશભાઈ પટેલ, બાલદા ગામના સરપંચ રાહુલ પટેલ, કુંભારીયાના સરપંચ ભૂપેન્દ્રભાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને વિવિધ ખાતાના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિકાસ સપ્તાહ-૨૦૨૫- નવસારી જિલ્લો

### ગણદેવીના ધારાસભ્ય નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ચીખલી તાલુકાના રૂમલા મુકામે વિકાસ સપ્તાહ કાર્યક્રમ યોજાયો

નવસારી-સમગ્ર રાજયમાં તા. ૦૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ઉજવાઈ રહેલા વિકાસ સપ્તાહ અંતર્ગત રવિવારે ચીખલી તાલુકાના રૂમલા ગામે ગણદેવીના ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વિકાસ સપ્તાહ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ગ્રામજનોએ વિકાસરથનું ઉત્સાહભેર સ્વાગત કર્યુ હતું.



આ પ્રસંગે વિકાસ સપ્તાહ કાર્યક્રમમાં ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશ પટેલે લોકોને પ્રેરક માર્ગદર્શન આપી વિકાસની વાત રજૂ કરી હતી અને લોકોને કેન્દ્ર-રાજય સરકારની યોજનાઓનો લાભ લેવા અપિલ કરી હતી. આ અભિયાન અંતર્ગત જિલ્લાના ગામે ગામ વિકાસ રથ ભ્રમણ કરશે અને રાજય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો પ્રચાર અને પ્રસાર કરશે. આ કાર્યક્રમ દરમિયાન શોર્ટફિલ્મ દ્વારા ગ્રામજનોએ સરકારની વિવિધ યોજનાઓ અને સિદ્ધિઓ વિશે માહિતી મેળવી હતી અને લોકોને પ્રસાર સાહિત્ય વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાભાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. આપણે સૌએ સાથે મળીને ભારત વિકાસ પ્રતિજ્ઞા લઇને વિકસીત ભારતના સ્વપ્નને સાકાર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રસંગે ગણદેવી તાલુકા વિકાસ અધિકારીશ્રી ચેતન દેસાઇ, સ્થાનિક પદાધિકારીઓ, વિવિધ વિભાગોના સ્થાનિક અધિકારીઓ, કર્મચારીઓ, તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## સોનગઢ રેલ્વે સ્ટેશન પાસેનો હેન્ડ પંપ આજેય બંદ હાલતમાં!

**ગણેશ મરાઠે, સોનગઢ-** શહેરના રેલ્વે સ્ટેશન પાસે આવેલ હેન્ડ પંપ ગત ૪ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ રીપેર કરવા માટે પાલિકા ના જવાબદાર અધિકારીને રજુઆત કરવામાં આવી હતી, છતાં પણ આજ દિવસ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. હાલ દિવાળી તહેવાર સામે છે, જેના કારણે રેલ્વે સ્ટેશન પર આવતા-જતા મુસાફરોની સંખ્યા વધી ગઈ છે. ખાસ કરીને રાત્રિના સમયે અવરજવર કરનાર લોકોને પીવાના પાણીની ભારે તકલીફનો સામનો કરવો પડે છે.



આ હેન્ડ પંપ એ વિસ્તારનો એકમાત્ર પીવાનું પાણી આપતો સ્ત્રોત હતો, જે છેલ્લા ઘણા દિવસોથી બંધ હાલતમાં છે. છતાં પાલિકા તરફથી કોઈ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. હવે જોવાનું એ રહ્યું કે આ હેન્ડ પંપ ક્યારે રીપેર થશે કે પછી હંમેશા જેવી ફાઈલ રીપેર થઈને જ સમાધાન માનાશે?

### નશા મુક્ત ભારત અભિયાનમાં જોડાવા ડાંગ જિલ્લા કક્ષાની નશા મુક્ત કેમ્પેઇન કમિટીની અપીલ

**નશો છોડો, પરિવાર બચાવો : સ્વાસ્થય છે સંપત્તિ નશો છે આપત્તિ**

આહવા: તા :૧૩: નશા મુક્ત ભારત અભિયાનના ૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં સમગ્ર દેશમાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ જાહેર જનતા, ખાસ કરીને યુવાનોમાં નશાના શારીરિક, સામાજિક અને આર્થિક નુકસાન અંગે જાગૃતિ ફેલાવવી અને નશા મુક્ત સમાજનું નિર્માણ કરવું છે. આ ઝુંબેશ હેઠળ શાળાઓ, કોલેજો, જાહેર સ્થળો, સરકારી અને બિન-સરકારી સંસ્થાઓ તથા કચેરીઓમાં સમાજ સુરક્ષા કચેરી, ડાંગ દ્વારા વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.



આ અભિયાન માં જોડાવા ડાંગ જિલ્લા કક્ષાની નશા મુક્ત કેમ્પેઇન દ્વારા અપીલ કરવામાં આવી રહી છે. સમાજ સુરક્ષા કચેરી, ડાંગ દ્વારા આ અભિયાનને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેથી યુવા પેઢી અને સમાજ નશાના દૂષણથી મુક્ત થઈ, સ્વસ્થ અને સમૃદ્ધ જીવન જીવી શકે.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- SHAILESHKUMAR VALLABHBHAI PATEL, PUBLISHED FROM-VOICE OF ADIVASI (WEEKLY)-NAVSARI.
PATEL FALIYA, BARTAD (UNAI) VANSDA, DIST.-NAVSARI, GUJARAT.- PN.-396590, PRINTED BY-ASTAVINAYAK OFFSET, F.P.149, PLOT NO. 26,
KHODIYAR NAGAR, NR. SHIDDHI VINAYAK MANDIR, (BHATHENA), H.SCO. ANJANA, SURAT, GUJRAT